ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી
ચોથો માળ, સહયોગ સંકુલ, સેક્ટર-૧૧, ગાંધીનગર – ૩૮૨૦૧૦
Phone : (079) 232-58659 | Website : https://gujrera.gujarat.gov.in

ક્રમાંક : ગુજરેરા/હુકમ-૪૨ તા ૦૯/૦૯/૨૦૨૦

# હુકમ-૪૨

ધી રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) એક્ટ, ૨૦૧૬ ની કલમ-૧૧(૧)(e) તથા ગુજરેરાના તા.૧૫/૦૧/૨૦૧૮ના ઓર્ડર-૫ ની સુચના મુજબ દરેક પ્રમોટરે પોતાના રજીસ્ટર્ડ પ્રોજેકટ સંબંધી નિયત વિગતો સહિતનો ત્રિમાસિક અહેવાલ ગુજરેરાના પોર્ટલ પર નિયત સમયમાં રજુ કરવાનો રહે છે.

હાલ વિશ્વવ્યાપી કોવીડ-૧૯ મહામારીની પરિસ્થિતીને ધ્યાને લઇને ગુજરાત રેરા ઓથોરીટી દ્વારા સમયાંતરે સરકારશ્રીની માર્ગદર્શિકા તથા વિવિધ એસોસીએશન તરફથી મળેલ રજુઆત અન્વયે રીયલ એસ્ટેટ સેક્ટરના ડેવલપમેન્ટ સંબંધી નિર્ણયો લેવામાં આવેલ છે તા.૩૧/૦૭/૨૦૨૦ના ઓથોરીટી ઓર્ડર-૪૧ થી ડાઇનેમીક રોલીંગ ક્વાર્ટર મુજબ રીટર્ન ફાઇલ કરવા મુદ્દે વધુ સ્પષ્ટતા કરતા એપ્રીલ, મે, તથા જુનના ત્રીમાસિક અહેવાલ ભરવામાથી મુક્તિ અને જુલાઇ, ઓગસ્ટ અને સપ્ટેમ્બરના ભરવાના થતા ત્રીમાસિક અહેવાલો તા.૦૭/૦૯/૨૦૨૦ સુધી ઓનલાઇન અપલોડ કરવા અંગે જણાવેલ હતુ.

ઓથોરીટી દ્વારા ઓર્ડર-૪૧ થી ત્રિમાસિક અહેવાલ રજુ કરવાની સમયમર્યાદા તા.૦૭/૦૯/૨૦૨૦ નિયત કરવામાં આવેલ, તે વધારીને તા.૨૧/૦૯/૨૦૨૦ કરવામાં આવે છે જે મુજબ પ્રમોટર / બિલ્ડર / ડેવલપર્સે તેમના પ્રોજેક્ટ અંગે તેમના ગુજરાત રેરા પોર્ટલના લોગઈનમાં ઉપલબ્ધ ક્વાર્ટર તા.૨૧/૦૯/૨૦૨૦ સુધીમાં ઓનલાઇન અપલોડ કરવાના રહેશે અને ત્યારબાદ પ્રમોટરે આગામી ક્વાર્ટર તેઓના રેરા પોર્ટલ પરના લોગઇનમાં ઉપલબ્ધ એક્ટીવ ક્વાર્ટર અનુસાર નિયમિત રીતે અપડેટ કરવાનુ રહેશે.

સચિવ
ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી
ગાંધીનગર

Signature Not Verified
Digitally signed by PATEL BHAGVANDAS
Date: 2020.09.09 17:18:52 IST
Reason: Digitly Signed Certificate
Location: Gandhinagar